**<u>અંકલેશ્વરના નામ. ત્રીજા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.અંકલેશ્વર</u>**

ફોજદારી કેસ નંબર– ૩૨૭/૨૦૨૬

ફરિયાદી :– સરકારશ્રી

વિરુધ્ધ

આરોપી :– રાજેશભાઇ નરેશભાઇ કાયસ્થ

**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧... આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબના ગુનાની ચાર્જશીટ કરવામા આવેલ છે.

૨... આ કામે આરોપી હાજર થતા આરોપી ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે ત્યારબાદ સદર ગુના બાબતે આરોપીએ ગુનાની કબુલાત પુરશીશ રજુ કરેલ છે જેમાં આરોપીનાએ બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબનો ગુનો મંજુર હોય, જે સદર કબુલાતથી નામદાર કોર્ટ સમક્ષ જાહેર કરેલ છે. આમ, આરોપીનાએ સ્વૈચ્છિક રીતે ગુનાની કબુલાત કરતા હોઈ ગુના કબુલાત ગ્રાહય રાખી આ કેસની તમામ હકીકત તથા સં જોગોને તથા થઈ શકતી સજાની જોગવાઈને તથા આરોપીની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

**:: હુકમ ::**

આથી ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૨૭૬(૧) અન્વયે આરોપીને બી.એન.એસ.ની કલમ–૨૮૫ ના ગુના માટે તકસીરવાર ઠરાવી આરોપીને રૂા. ૨૦૦/–(અંકે બસો રૂપિયા પુરા)નો દંડની સજા કરવામાં આવે છે. આરોપી દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવી.

આ હુકમ આજરોજ ૧૪ તારીખ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬ (વી.વી. શુકલા)

સ્થળ :– અંકલેશ્વર ત્રીજા એડી. ચીફ જ્યુ. મેજી., અંકલેશ્વર

(જજ કોડ – જી જે ૦૧૩૪૩)